GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

# રામસીતાનાં ચરિત્રથી  આધુનિક દાંપત્ય જીવનનું નિર્માણ

**ત્રિવેદી ભરતકુમાર હરિપ્રસાદ**

પી. એચડી સ્કોલર

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

**रामाय  रामभद्राय  रामचन्द्राय  वेधसे।**

**रघुनाथाय नाथाय सीतायाः पतये नमः।।**

યુગો પહેલા ની સીતારામની કથા એટલે કે વાલ્મીકિ રામાયણમાં દર્શાવેલ સીતારામ નાં દાંપત્ય પ્રસંગ ને આજે પણ જન માનસ એટલી જ શ્રધ્ધા અને વિશ્વાસ થી અનુસરી રહી છેઅને પોતાના . વર્તમાન .જીવનમાં તે પ્રસંગ ને ઉતારી જીવન ને સફળ બનાવવાનો સંપૂર્ણ પ્રયાસ કરતાં નજરે પડે છે સમયમાં કે ભૂતકાળમાં અથવા એમ સમજો કે કોઈપણ સ્થળ કે કોઈ પણ સમાજ માં સફળ દાંપત્ય જીવન એ જ જીવનનો સાચો અને શ્રેષ્ઠ ધ્યેય – માનવામાં આવેલ છે . ભારતીય સંસ્કૃતિ જેને વસુધૈવ કુટુંબકમ્ પણ કહેવામાં આવે  છેઅનાદિ ; વર્ષો થી ચાલી  આવતી  આ પરંપરામાં વખતોવખત ફેરફારો થયાજેમ કે  ; ઘોડિયાંલગ્ન પ્રથા સુધારી ને બાલવિવાહ પ્રથા આવી,પછી પુખ્તવયના દિકરા દિકરી ના લગ્ન વગેરે જેવી સામાજિકપ્રથાઓ પ્રચલિત બની. આ ફેરફારો સમાજનાં કે ઘરના વડીલો સમાજિક અને કૌટુંબિક કલ્યાણ અર્થે કર્યા જે સમય સાથે જરુરી લાગ્યા હશે, અથવા એમ સમજીલાઈએ કે “પરિવર્તન એ સંસાર નો નિયમ છે.”જેમાં વડીલો  નક્કી કરતા અને ઈચ્છા– અનિચ્છા થી પણ દાંપત્ય જીવનને ટકાવી રાખવું અનિવાર્ય બનતું.ક્યારેક જીવન બોજ બની જતું, તો ક્યારેક  જીવન સફળ રહેતુંસાંપ્રત સમય માં . દાંપત્ય જીવનમાં નાં પાત્રો ની પસંદગી અને પૂર્વ નાં સમય મુજબ પાત્રોની પસંદગી ભલે બદલી શક્યા હોઇએ, પરંતુ ફરક સ્પષ્ટ દેખાઈ આવે છેજેમકે પુખ્ત વય , નાં લગ્ન ,સ્વૈચ્છિક લગ્નવગેરે ,  છતાં સફળ દાંપત્ય જીવન નો પ્રશ્ન વધારે જટિલ બનતો જાય છેમાત્ર ને ?તેમાં શું સમજવું .,માત્ર પદપ્રતિષ્ઠા,, અને પ્રતિભા થી જ દાંપત્ય જીવન માં માધુર્ય નથી આવતું, પરંતુ; સવિશેષ સમજદારી અને સુખ દુઃખ ની  પરિસ્થિતિ માં પણ પોતાના પાત્ર નો સાથ ન છોડવો અને સંપૂર્ણ નીતિમત્તા થી સાથ આપવો તેવાં સફળ દાંપત્ય જીવન ને આજે પણ જન સમુદાય “રામસિતાની– જોડી”  ની જ ઉપમા આપે છે. હવે એ વાત યાદ રહે કે રામ અને

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

સીતાની દશા ૧૪ વર્ષ કેવી હતી! અને ત્યાર પછી પણ પ્રજાના સુખ નો વિચાર કરી ને સીતા નો પરિત્યાગ કરવો વગેરે પ્રશ્નો એટલા સરળ નથીછત્તા ભારતીય જન માનસ માં અમીટ છાપ છોડી ગયેલ સીતારામ . ચરિત્ર ને વાલ્મીકિ ની કલમે જોવું રહ્યું; અને તેમાંથી કાંઇક બોધ લઈને આજના દાંપત્ય જીવનને સરળ અને સફળ બનાવવા માટે ની સંજીવની શોધવાનો પ્રયાસ કરીશું; એજ મારા શોધ પત્ર નો મુખ્ય ઉદ્દેશ્ છે.

હવે આપણે શોધ પત્ર નાં વિષય ને અનુલક્ષીને વિગતે ચર્ચા કરીશું.

શ્રીરામસિતા નાં દાંપત્ય જીવન ને વાલ્મીકિ ની કલમે જોઈશુંશ્રી વાલ્મીકિ રામાયણમાં પ્રભુ શ્રી . રામ નાં લગ્ન નો પ્રસંગ બાલકાંડમાં ધનુષ્યભંગ પછી દર્શાવેલ છે. તે સમયની રૂઢિગત પરંપરા અને રાજવૈભવને શોભાવે તે રીતે નીતિ–નિયમ અનુસાર જનક રાજા એ પોતાની દીકરી શ્રી સીતાજી અને ઊર્મિલા સહિત પોતાના નાના ભાઈ કુષધ્વજ ની બંને દીકરીઓ માંડવી અને શ્રુતકિર્તી ને અનુક્રમે સીતા ને રામ સાથે[1], અને ઊર્મિલા ને લક્ષ્મણ સાથે, માંડવી ને ભરત સાથેશ્રુતકિર્તી ને શત્રુઘ્ન સાથે રા ,જગુરુ ની નીશ્રા માં વશિષ્ઠઋષિઅને ધર્માત્મા શતાનંદજી નાં વડપણ હેઠળ વૈદીક પદ્ધતિ થી લગ્ન ,વિશ્વામિત્ર , દીકરીઓ ની વિદાય સાથે જાન અયોધ્યા આવી .સંપન્ન કરવામાં આવ્યા છે, અને મહારાજ દશરથ નાં કૈલાસ[2] સમાન મહેલ માં અતિશય આનંદ નો માહોલ છેનગરજનો પણ ચારે રાજકુમારો . અને તેમની રાણીઓ થી પ્રસન્ન જણાય છેસવિશેષ સીતારામ નાં સંપૂર્ણ મર્યાદિત જીવન ને અવધના નવપરણીત . ,દંપત્તિઓ અનુસરે છે એટલુંજ નહિ પરંતુ પોતાના જીવન ને સીતારામ નાં ચરિત્ર મુજબ જીવી પણ રહ્યા છેબાલકાંડ નાં સિત્યોતેર માં સર્ગમાં વાલ્મિકી લખે છે કે શ્રી રામજી સદા . સીતાના હૃદય મંદિરમાં બિરાજતા હતા. તથા મર્યાદા પુરુષોત્તમ રામનું મન પણ સીતા માં પરોવાયેલું રહેતું હતુંશ્રી રામે સીતા . સાથે અનેક ઋતુઓ સુધી વિહાર કર્યો,

रामश्च सीतया सार्धं विजहार बहूनृतुन्।
मनस्वी तद्गतमनास्तस्या हृदि समर्पित:।।

સર.કાં .બા .રા .વા)ૃગ ૭૭ શ્લો (૧.૨૫.

સીતા શ્રી રામ ને બહુ પ્રિય હતા કારણ કે સીતા નાં પતિવ્રત્ય વગેરે ગુણોથી તથા સૌન્દર્ય ગુણો ; ;થી પણ શ્રી રામ નો તેમના પ્રત્યે નો પ્રેમ વૃદ્ધિ પામતો હતો

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

એ જ રીતે સીતા ના હૃદય માં પણ એમના પતિ શ્રી રામ નાં ગુણો અને સૌન્દર્યનાં કારણે અધિક પ્રીતિ પાત્ર બની ગયા હતા. જનક નંદની સીતાજી શ્રી રામના અંતર નાં અભિપ્રાય પણ પોતાના હૃદય થી જ જાણી લેતાં હતાંતથા જણાવી પણ દેતાં ; હતા.રૂપમાં દેવાંગના જેવા હતા અને લક્ષ્મીજીની ; સાક્ષાત્ મૂર્તિ જેવા જાણતા હતાં. ભગવાન રામ પણ પોતાના વિશિષ્ટ લક્ષણો જેવા કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એવા ચાર પ્રકારના પુરુષાર્થ ને અનુસરતા અને જેમ સૂર્ય દેવ પોતાનાં કિરણો થી પ્રકાશિત થાય છે, તેમ જ શ્રીરામચંદ્ર સમસ્ત પ્રજાજન ને પ્રિય લાગતાં તથા પિતાજી નો સ્નેહ વધારતા સદ્ગુણોના ભંડાર હતા. માટે સીતાજી ને પણ રામ પ્રત્યે અનહદ નિષ્ઠા હતી[3]. આમ સીતારામ આનંદ પૂર્વક પોતાનું દાંપત્ય જીવન પસાર કરી રહ્યાં છે. આવા ઉત્તમ લક્ષણો યુક્ત દાંપત્ય જીવન જોઈને પોતાનાં રાજા રામ જ હોય તેવો પ્રજા નો અંતઃસુર પ્રજા પારખું રાજા દશરથ થી થોડો છુપો રહે! માટે સર્વાનુમતે રામ ને રાજા બનાવવા માટે મંત્રીઓ સાથે ની ચર્ચા કરીને રાજકીય નિર્ણય ઘોષિત કર્યો, અને રામ ના રાજ્યાભિષેક માટે ની તૈયારીઓ નો પૂર જોશ માં પ્રારંભ થયો. પ્રજા અને સર્વે મંત્રી ગણ સહિત પોતાના ભાઈઓ એ પણ આ નિર્ણય ને સ્વીકાર્યો;ત્યારે રામ પોતાની અનુમતિ દર્શાવીને સહમત થયાં. રામ અને સીતા પણ ખૂબજ પ્રસન્ન જણાઈ રહ્યા હતા.પરંતુ વિધિ ની વક્રતા કહો કે નારાયણ પોતે જ કોઈ લીલા કરવાની ઈચ્છા કરતા હોય તેમ રાજ સિંહાસન ના અધિકારી એવા રામને પિતૃવચન નિભાવવા એક, બે નહીં; પરંતુ પુરા ૧૪ વર્ષ નો વનવાસ મળશે તે વાત થી બિલકુલ અલિપ્ત રામ અને સીતા પ્રસન્નતા અનુભવી રહ્યા છે.

અહીં સુધી નાં સીતારામ ના ચરિત્ર ને જોતા કોઈ જ દુઃખ કે સમસ્યા નો અણસાર સુદ્ધાં જણાતો નથી; પરંતુ જ્યારે, રાજા દશરથ ના આદેશ અનુસાર સુમંત દ્વારા રામ ને રાજા દશરથ પાસે બોલાવી લાવવામાં આવ્યા ત્યારે માનસિક વ્યગ્રતા માં ઘેરાયેલ પિતા ને જોઈ ઘણી વાર પૂછવા છત્તા યોગ્ય ઉત્તર ન મળવાથી રામ વધુ ચિંતિત થાય છે, – ત્યારે; માતા કૈકેયી દ્વારા આખું દેવાસુર સંગ્રામ વખત નું ચરિત્ર સંભળાવી ને દશરથ રાજા એ આપેલ વચન અનુસાર ભરત ને ગાદી અને રામ ને વનવાસ મળે, આવી કઠોર વાત જ્યારે રામ ને સાંભળવા મળી ત્યારે, વ્યથિત થયા વિના રામજી એ માત્ર એટલુંજ કહ્યું,

एवमस्तु गमिष्यामि वनं वस्तुमहं त्वित:। जटाचिरधरो राज्ञः। प्रतिज्ञामनु पालयन्।।

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

માં તમારી ઈચ્છા મુજબ હું જટા અને વલ્કલ ધારણ કરીને વનમાં ચાલ્યો જઈશ. એમ કહી રામે માતા કૌશલ્યા આદી બધા વડીલો ના આશીર્વાદ લીધા અને સીતાજી ના મહેલ તરફ રવાના થયા. સીતાજી ને તો માત્ર એમ જ છે; કે રામના રાજ્યાભિષેક ની તૈયારીઓ પૂર્ણ થઈ હશે, અને આવતી કાલે સવારે રામ રાજ્ય ગાદી સાંભળશે,પરંતુ રામ ના મુખકમળ પર થોડી ઉદાસીનતા જોઈ ને સીતા એ સહજ સવાલો કર્યા, પરંતુ શ્રી રામ દ્વારા દરેક સવાલો ના જવાબ બિલકુલ શાંત ચિત્તે અને સેજ પણ વ્યગ્ર થયા વિના આપ્યા.સીતા ને પણ ખબર પડી જ ગઈ કે આવતી કાલે રાજગાદી ની જગ્યા એ વલ્કલ પહેરવાના છે. છતાં પણ સીતા ના ચહેરા પરના હાવભાવ સહેજે બદલાતા નથી. અને રામ ને વિનંતિ કરતા કહે છે, કે મને પણ સાથે લઈ જાવ.[4] પોતાને સાથે લઈજવા પાછળ નું કારણ જણાવતા સીતા માતા કહે છે,કે હે "આર્યપુત્ર"! માત્ર પત્ની જ પોતાના પતિના ભાગ્ય નું અનુસરણ કરે છે, માટે તમારી સાથે જ મને પણ વનમાં રહેવાની આજ્ઞા મળી ગઈ છે.

અને વનમાં પણ હું આપની અનુગામી થઈને રહીશ.[4]!! –

આવી ઘણી બધી વાતો સમજાવી ને સીતાજી રામ સાથે જ જાય છે. અહીં એ વાત પણ નોંધનીય એ છે,કે સીતારામના ૧૪ વર્ષ વનવાસ દરમ્યાન સીતારામ ને અનેક દુઃખ અને યાતના ઓ સહન કરવી પડી છે; તેમ છત્તા બંને નું દાંપત્ય એટલુંજ સુમધુર રહ્યું છે. જે સાહિત્યિક દૃષ્ટિ એ લોક વિદિત છે. વનવાસ દરમિયાન અનેક કષ્ટ વચ્ચે પણ રામ સીતા પોતાના દાંપત્ય જીવન ને સુમધુર વ્યતિત કરે છે. કુમાર સંભવ નાં બીજા અંકમાં ભભૂતિ જણાવે છે કે પંચવટી માં રામસીતા દ્વારા કરાયેલા વિલાસ ના સાક્ષી ભૂત પ્રસંગો ભૂવભૂતિ કૃત ઉત્તરરામ ચરિત ના બીજા અંક મા દર્શાવવા માં આવ્યું છે. સુંદર કાંડ, લંકા કાંડ, માં અનેક દુઃખ વચ્ચે પણ બન્ને ની એકબીજા પ્રત્યે ની અખંડ સ્મૃતિ પણ આપણે જોશકીએ છે. સીતા પરિત્યાગ ના પ્રસંગ હોય કે ભગવાન રામ દ્વારા કરવામાં આવેલ રાજસૂય યજ્ઞ ની પૂજા કરવામાં પણ પ્રભુ એ સ્વર્ણ થી નિર્મિત સીતાજીની મૂર્તિ નો સ્વીકાર કર્યા, પરંતુ પુનઃ લગ્ન તો નથી જ કર્યા. અંતે સીતાજી એ જ્યારે ભૂમિ માં સમાવાનો નિર્ણય કર્યો તે રામ માટે અસહ્ય બન્યો. ત્યારબાદ પોતે પણ સરિયુ નદીમાં જળસમાધિલઈને પોતાનું અવતાર કર્યા પૂર્ણ કરે છે. આ બધા પ્રસંગો રામ સીતાના આંતરિક પ્રેમ ને

ઉજાગર કરે છે, અને સાબિત કરે છે કે જીવન ની પરિસ્થિતિ ભલે કપરી હોય.પરંતુ આપણા દાંપત્ય જીવનમાં તેની અસર થવાદેવી કે ન થવા દેવી તે પોતાના જ હાથમાં છે.

આજના આધુનિક યુગમાં આધુનિક લગ્ન જીવન જીવતા નવયુગલો ને આ સંશોધન કાર્ય માંથી ઘણું બધું સમજવા નું મળી રહે તેમ છે; ઉપરાંત સામાજિક પરિવર્તન પણ ઘણુંબધું લાવી શકાય તેમ છે. અને દાંપત્ય ને સુમધુર બનાવવાની સંજીવની પણ પ્રાપ્ત થઈ શકે એજ મારા શોધ પત્ર નો ઉદ્દેશ છે.

**સંદર્ભ**

१) प्रतिच्छ चैनां भद्रे ते पाणिं गृव्हीष्व पाणिना।
पतिव्रता महाभागा छाये वानुगत सदा।।२७।।
(वा. रा. सर्ग.७३, श्लोक २७)

२) पुत्रैरनुगतः श्री मान्श्री ह्रिश्च महाशयः।
प्रविवेश गृहं राजा हिंमवत्सद्रशं प्रियम्।।९।।
(वा.रा. सर्ग ७७ श्लोक ९)

३) तथा सर्वप्रजाकान्तैः प्रीति संजननैः पितुः।
गुणैर्विरुरुचे रामो दीप्तः सूर्य इवंशुभिः।।
(वा. रा.बा. का. सर्ग ७७, श्लोक ९)

४) ईर्ष्या रोषं बहिस्कृत्य भुक्त शेष मिवोदकम्।
नयमां वीर विस्त्रब्धः पापं मयि न विद्यते।।८।।
( वा.रा. अयो. काण्ड. सर्ग २७ श्लोक ८)

**ગ્રંથ સૂચિ**

૧) શ્રીમદ્ વાલ્મિકીય રામાયણ, કોડ ૧૯૩૯
પ્રથમ ખંડ,
ગીતપ્રેસ ગોરખપુર.
સંવત ૨૦૭૯ છઠ્ઠી આવૃત્તિ.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

૨) 'studies in ramamayan', 'riddles of ramayan'
(By K.S Ramasastri, book 2, p.i.)

૩) પૂજ્ય શ્રી ડોંગરેજ મહારાજ, નું તત્વાર્થ રામાયણ
પ્રકાશક, ગીતપ્રેસ ગોરખપુર પુર, કલ્યાણાંક માંથી.